WE SERVE TO SAVE

# રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ઈમેલ: dir.sfps@gmail.com , ટેલીફોન નં. ૦૭૯— ૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦

ક્રમાંક: સફસ/ફન- ૮૫.૧ /૨૧૮/૨૦૨૧ તા. 03/૦૭/૨૦૨૧

**વિષય:- હયાત ઈન્સ્ટિટ્યુશનલ બિલ્ડિંગ્સ (હોસ્પિટલ્સ)ને ફાયર સેફ્ટી સર્ટિફિકેટ (એનઓસી) ઈસ્યુ કરવા બાબત.**

**વંચાણે લીધા:-**

(૧) સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા.૦૭/૦૪/૨૦૨૧નાં હુકમ ક્રમાંક:- અગન-૧૦૨૦૨૧-૨૯૬-લ-૧.

(૨) સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં પત્ર ક્રમાંક:- અગન-૧૦૨૦૨૧-૨૯૬-લ-૧, તા. 03/૦૭/૨૦૨૧.

**પરિપત્ર:-**

વંચાણે લીધા ક્રમ(૧) હેઠળના તા.૦૭/૦૪/૨૦૨૧ના હુકમથી સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ના નિયમ-૨૨ હેઠળ મળેલ સત્તાની રૂએ રાજ્યમાં પ્રવર્તમાન જી.ડી.સી.આર.ની જોગવાઈઓ હેઠળ બાંધવામાં આવેલ તા.૨૨/૧/૨૦૨૧ પહેલા નિર્માણ પામેલ અમુક હયાત બિલ્ડીંગોમાં અથવા અમુક બિલ્ડીંગના પરિસરમાં અથવા કોઈ પણ વિસ્તારના પરિસરમાં આવેલ અમુક બિલ્ડીંગમાં આવશ્યક અગ્નિ નિવારણ, જીવન સુરક્ષા અને અગ્નિ સુરક્ષા ઉપાયોની ભલામણો માટે ફાયર એડવાઈઝરની અધ્યક્ષતામાં હાઈ લેવલ ટેક્નિકલ કમિટિની રચના કરવામાં આવેલ.

સદરહુ હાઈલેવલ ટેક્નિકલ કમિટિ દ્વારા હયાત ઈન્સ્ટીટ્યુશનલ બિલ્ડીંગ્સ (હોસ્પીટલ)ને ફાયર સેફ્ટી સર્ટિફિકેટ (એનઓસી) આપવામાં કે રીન્યુ કરવામાં પડતી મુશ્કેલી અને એનાં નિવારણ માટે રજૂ કરેલા તા.૧૭/૦૬/૨૦૨૧નો વચગાળાનો રિપોર્ટ સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાના અંતે સ્વીકારીને થયેલ ભલામણોના આધારે ફાયર સેફ્ટી

સર્ટિફિકેટ (એનઓસી) આપવામાં કે રીન્યુ કરવા જરૂરી સૂચનાઓ બહાર પાડવા જણાવેલ છે. જે ધ્યાને લઇ નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

૧. તા.૨૨/૧/૨૦૨૧ પહેલાના અમુક હયાત બિલ્ડિંગ્સમાં પ્રવર્તમાન ફાયર એક્ટની જોગવાઈઓ અમલી બનાવવા જતા મેજર સ્ટ્રકચરલ ફેરફાર કરવો પડે જે મુખ્યત્વે નીચે મુજબના કારણોસર શક્ય બને એમ નથી.

૧. જુનું સ્ટ્રકચર વધારાનો લોડ ખમી ન શકે

૨. વધારાનું બાંધકામ કરવા માટે અપૂરતી જગ્યા હોય.

એનાં અમલ માટે હયાત હોસ્પિટલ હોય એવા અમુક બિલ્ડિંગ્સમાં મેજર સ્ટ્રકચરલ ચેઇન્જ એટલે કે બીજી અથવા વૈકલ્પિક દાદર કરવા કે ટેરેસ ટેન્ક અને/અથવા અંડર ગ્રાઉન્ડ વધારાની વોટર ટેન્ક બનાવવામાંથી તેમજ એવી અન્ય બાબતોમાંથી મુક્તિ માટે તે અંગેનાં કારણોની રેકર્ડ પર નોંધ કરી મુક્તિ આપી શકાશે અને ફાયર એન.ઓ.સી ઇસ્યુ કરી શકાશે.

૨. પ્રવર્તમાન ફાયર એક્ટ અને તે હેઠળ બનેલાં રુલ્સની અમલવારી કરવા જતાં અમુક હયાત હોસ્પિટલ્સ બિલ્ડિંગ્સમાં મેજર સ્ટ્રક્ચરલ ચેઇન્જ કરવો શક્ય ન હોય એ કિસ્સામાં પણ તે અંગેનાં કારણોની રેકર્ડ પર નોંધ કરીને એવું કરવામાંથી મુક્તિ આપી શકાશે.

૩. ફાયર પ્રોટેક્શન સીસ્ટમ જેમાં કોઈ મેજર સ્ટ્રક્ચરલ ચેઇન્જની આવશ્યકતા નથી, એ તમામ બાબતોની પૂર્તતા કરવાની રહેશે. આ માટે મહત્તમ ત્રણ મહિનાનો સમય આપી શકાશે.

૪. હોસ્પિટલ્સ બિલ્ડિંગ્સમાં આઇસીયુ હશે તો ફાયર સેફ્ટી સર્ટિફિકેટ આપતી વખતે અથવા રીન્યૂ કરતી વખતે હોસ્પિટલ્સ દ્વારા ફાયર ઇવેક્યુએશન પ્લાન રજૂ કરવાનો રહેશે.

૫. હોસ્પિટલ્સનાં તમામ સ્ટાફને દર છ મહિને ફાયર પ્રોટેક્શન સીસ્ટમની તાલીમ આપવાની રહેશે અને તેમના દ્વારા નિયમિત મોક ડ્રીલ કરવામાં આવશે તેમજ એનો રેકોર્ડ રાખવામાં આવશે એવી બાંહેધરી હોસ્પિટલ્સ ઓથોરીટી પાસે લેવાની રહેશે. સ્થાનિક ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસ દ્વારા સમયાંતરે આ બાબતે કાર્યવાહી થયાની તેમજ તે બાબતના રેકર્ડ્સ નિભાવેલ છે કે કેમ તે અંગેની ખાત્રી કરવાની રહેશે.



નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**પ્રતિ,**

➢ સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન.

- કમિશ્નર અને સચિવશ્રી (આરોગ્ય), ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત સ્ટેટ , ગાંધીનગર ( સર્વે રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ તથા ચીફ ઓફિસર, મ્યુનિસિપાલિટીઝને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- સર્વે રીજીયોનલ ફાયર ઓફિસરશ્રીઓ તથા સર્વે ચીફ ફાયર ઓફિસરશ્રીઓ,

**નકલ સવિનય રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.